PRABHAT
EDUCATION FOUNDATION

January 2020

# Roshni

## (Reaching Out to Serve Humanity with New Initiatives)

A monthly newsletter by Prabhat Education Foundation: issue no. 2

### Happy New Year





મિત્રો નવા શરુ થયેલ વર્ષમાં પ્રભાત અને પ્રભાત સાથે જોડાયેલ બધા જ વ્યક્તિઓને આવનાર નવું વર્ષ ખૂબ જ સરસ અને પ્રગતિમય બને તેવી શુભકામના.
આ નવા વર્ષને વધાવવા પ્રભાતમાં જુદા-જુદા કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા, જેમાં પ્રભાતના વટવા સેન્ટરમાં, દાણીલીમડા સેન્ટરમાં અને સ્કૂલ પ્રોગ્રામમાં કેક કાપીને, ડાન્સ કરીને અને એકબીજાને Happy New Year પાઠવીને ઉજવણી કરી હતી.

## કોમ્યુનીટી સપોર્ટ

**બર્થ-ડે :-**

- દાણીલીમડા સેન્ટરમાં બાળકોની બર્થડે નીમીતે બીસ્કીટ આપવામાં આવ્યા.
- વટવા સેન્ટરમાં આરવની બર્થડે નીમીતે બાળકોને કેક અને જમાડવામાં આવ્યા.
- વટવા સેન્ટરમાં રૈનાની બર્થડેનું સેલીબ્રેશન બાળકોને કેક અને ભાજીપાઉં જમાડવામાં આવ્યા.
- દાણીલીમડા સેન્ટરમાં ડો.બ્રિન્દાબેને તેમનો જન્મ-દિવસ ઉજવ્યો. બાળકોને જમાડવામાં આવ્યા અને નોટ, પેન્સિલ, રબર, સંચો આપવામાં આવ્યા.




**મેરેજ**

વટવા સેન્ટરમાં ડો.મનીષભાઈ તરફથી તેમના મેરેજ નીમીતે બાળકોને જમાડવામાં આવ્યા.

**Others**

- વટવા સેન્ટરમાં હિરેનભાઈ તરફથી બાળકોને સફરજન અને મોસંબી આપવામાં આવ્યા તેમજ જૂના મિક્ષચર રીપેર કરી આપવામાં આવ્યા.
- દાણીલીમડા સેન્ટરમાં શ્રી રક્ષાબેન તરફથી બાળકોને જમાડવામાં આવ્યા.
- દાણીલીમડા સેન્ટરમાં દક્ષાબેન તરફથી બાળકોને જમાડવામાં આવ્યા.

- દાણીલીમડા સેન્ટરમાં શ્રી મીનાબેન તરફથી બાળકોને જમાડવામાં આવ્યા.
- દાણીલીમડા સેન્ટરમાં શ્રી રતનબેન તરફથી બાળકોને જમાડવામાં આવ્યા.
- વટવા સેન્ટરમાં નવા વર્ષ નીમીતે હર્ષાબેન દ્વારા બાળકોને જમાડવામાં આવ્યા.
- પ્રાચીબેન દ્વારા બાળકોને દાબેલી આપવામાં આવી.
- બાળકોને કપડાં આપવામાં આવ્યા.
- વટવા સેન્ટરમાં વિનયભાઈ દ્વારા બાળકોને બ્લેન્કેટ આપવામાં આવ્યા.
- વટવા સેન્ટરમાં આશાબેન તરફથી કરીયાણું આપવામાં આવ્યું.

## સમયનો સહયોગ

**"પ્રથમ સંસ્થા"**

તા. 20/01/2020 કલ્પના કરો કે તમે જ્યાં રહેતા હોય તે જગ્યાને કોઈ આવીને માત્ર બે જ દિવસમાં ખૂબ જ સુંદર




અને કલરફુલ બનાવી દે તો તમને કેવી અનુભૂતિ થાય? દરેક દીવાલ કંઈક બોલાતી હોય તેવો અહેસાસ થાય તો? દરેક દીવાલ કંઈક શીખવતી હોય તો? અને તેમાં પણ તમારી પસંદગીના પેઈન્ટિંગ હોય તો? છે ને ચમત્કારી વાત! પરંતુ આ વાતને સાચી બનાવી પ્રથમ સંસ્થા સાથે સંકળાયેલ સ્ટુડન્ટ્સે અને તે પણ પ્રભાતના બાળકો માટે! પોતાનો કિંમતી સમય જ નહીં પેઈન્ટીંગ માટે જરૂરી મટીરીયલ પણ સાથે લઈને આવેલ સ્ટુડન્ટ્સે. બે જ દિવસમાં આખા સેન્ટરને કલરફુલ બનાવી દીધું છે. બાળકોને ખૂબ જ સુંદર કલરફુલ અને જોયફુલ વાતાવરણ આપેલ છે. સંસ્થા તેમની આભારી છે.

### લિવિંગ વોટર મ્યુઝિયમ



**"વોટર પેઈન્ટિંગ"**

તા. 22/01/2020ના રોજ Mr. sukrit sen અને મિત્રોએ પ્રભાતના બાળકો સાથે તેમના દોસ્ત બનીને ડ્રોઈંગ અને પેન્ટિંગ કર્યું હતું અને આર્ટ દ્વારા એજ્યુકેશનમાં પોતાનો સહયોગ આપ્યો હતો. અને પોતાનો કિંમતી સમય બાળકોને ફાળવ્યો હતો.



**"જલતરંગ"**

તા. 31/01/2020ના રોજ જલતરંગ સંસ્થામાંથી Mr. sukrit sen દ્વારા પ્રભાતના વટવા સેન્ટરની વિઝીટ કરી હતી અને બાળકોને પાણીમાં થતા અવાજ અને જલતરંગ તેમજ મટકા ઉપર મ્યુઝિક વગાડીને બાળકો સાથે એક્ટિવિટી કરી હતી અને મનોરંજન પૂરું પાડ્યું હતું. બાળકોને ખુશ-ખુશાલ કરી દેવા માટે Mr. sukrit senનો આભાર.



## "વિઝીટર્સ"

- આદર્શ અમદાવાદના મિત્રો અને ડો.જૈની.
- હરીશભાઈ સીંઘ [ N.I.D ફેકલ્ટી]

- ડૉ. મીતાંગશું દત્તા સર - સર્જીટેક [Orthosis વિભાગ]
- રેશ્માબેન મન્સૂરી [V Create pre school લીડર]
- ટ્રસ્ટી શ્રી રેણુબેન [પ્રભાત ટ્રસ્ટી]



### "K.M. વિઝીટ"



| Name of teacher | No. of children |
|---|---|
| નિકુલભાઈ | 4 બાળકો |
| લક્ષ્મીબેન | 4 બાળકો |
| લક્ષ્મીબેન | 4 બાળકો |
| લક્ષ્મીબેન | 4 બાળકો |



## C.B.R.

### "સિવિલ વિઝીટ"

તા. 06/01/2020 અને 20/01/2020ના રોજ કિરણભાઈ સરકારી સહાય માટે સિવિલ ગયા હતા, અને પ્રભાતના બાળકોને સહાય અપાવી હતી.

| Particular | No. of distribution |
|---|---|
| Medical certificate | 2 |
| Railway pass | 4 |
| S.T. pass | 1 |

### "લોકલ સ્કૂલ વિઝીટ"

જાન્યુઆરી મહિનામાં સિબલિંગ સ્કોલરશીપ માટે અલગ-અલગ સ્થાનિક સ્કૂલની મુલાકાત કરી બાળકોની યાદી તૈયાર કરી.

## Internship સ્ટુડન્ટનું કાર્ય

### N.I.D સ્ટુડન્ટ સૃષ્ટિબેન દ્વારા કાર્ય

સંસ્થામાં બાળકોને સૃષ્ટિબેન દ્વારા માટીકામ કરાવવામાં આવ્યું હતું.



| Date | Centre |
|---|---|
| 08/01/2020 | Vatva |
| 09/01/2020 | Danilimda |
| 13/01/2020 | Vatva |
| 28/01/2020 | Danilimda |



**N.R.I.P સ્ટુડન્ટ લાસ્ટબૅચ દ્વારા કાર્ય**



N.R.I.P ના લાસ્ટબૅચ સ્ટુડન્સ્ટએ તા. 06/01/2020 થી 10/01/2020 સુધી સંસ્થાના બાળકો સાથે કાર્ય કર્યુ હતું.

## સ્કૂલ પ્રોગ્રામ [શ્રી કેયુરભાઈ]



| Name of school | No. of children | Standard |
|---|---|---|
| સન ઈંગ્લીશ સ્કૂલ | 17 | 1 to 8 std. |
| વંદે માતરમ પ્રાયમરી સ્કૂલ | 12 | 1 to 8 std. |
| બાલકૃષ્ણ પ્રાથમિક સ્કૂલ | 9 | 1 to 8 std. |

## પ્લે થેરાપી [શ્રી રોબર્ટભાઈ અને શ્રી હાર્દિકભાઈ]

| Name of school | No. of days |
|---|---|
| શક્તિ સ્કૂલ | 6 |
| શ્રીજી કેલ્લા સ્કૂલ | 4 |
| રેનબો સ્કૂલ | 5 |
| અર્શ સ્કૂલ | 1 |
| બી.કે. સ્કૂલ | 1 |







## ટીચર ટ્રેનિંગ [સ્કૂલ પ્રોગ્રામમાં]

| **સ્કૂલનું નામ** | **રિસોર્સ પરસન** |
|---|---|
| એમ.જે. ઈંગ્લીસ સ્કૂલ<br>(11 શિક્ષક) | ડો.માલવભાઈ શાહ<br>સાયકોલોજીસ્ટ |
| ચીરાગ સ્કૂલ<br>(17 શિક્ષક) | ડો.માલવભાઈ શાહ<br>સાયકોલોજીસ્ટ |
| અર્શ સ્કૂલ[બેરલ માર્કેટ]<br>(35 શિક્ષક) | ડો.માલવભાઈ શાહ<br>સાયકોલોજીસ્ટ |
| અમાન સ્કૂલ<br>(18 શિક્ષક) | ડો.કિલ્લોલભાઈ બ્રહ્મભટ<br>સાયકોલોજીસ્ટ |
| અર્શ સ્કૂલ [ખ્વાજા નગર]<br>(10 શિક્ષક) | ડો.માલવભાઈ શાહ<br>સાયકોલોજીસ્ટ |
| એલ-એક્સ સ્કૂલ<br>(10 શિક્ષક) | ડો.કિલ્લોલભાઈ બ્રહ્મભટ<br>સાયકોલોજીસ્ટ |





## ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ સ્પર્ધા



રેનબો સ્કૂલમાં સ્કૂલ પ્રોગ્રામ ટીમે ડ્રોઈંગ અને પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 178 બાળકોએ ભાગ લીધો.

## પેરેન્ટ્સ મીટીંગ









| જગ્યાનું નામ | રિસોર્સ પરસન | વિષય |
|---|---|---|
| અર્શ સ્કૂલ | ડૉ. કવીથામેમ<br>ફિઝિયોથેરાપી | નિયમિતતા અવેરનેસ માટે |
| વટવા સેન્ટર | ડૉ.નેહાબેન અને ડૉ.દત્તાસર<br>ઓરથોસીસ | બાળકોને ચેકઅપ, ફોલોઅપ,મેઝરમેન્ટ, કાઉન્સિલિંગ અને જરૂરિયાતવાળા બાળકો માટે અપરલિમ્બ<br>અને સર્વાઈકલ ઓર્થોસિસ<br>બનાવવાનો નિર્યણ |
| વટવા સેન્ટર | શ્રી મેહુલભાઈ<br>અમૂલમાંથી | પેરેન્ટ્સને ઉદભવતા પ્રશ્નો<br>અને કાઉન્સિલિંગ |
| વટવા સેન્ટર | શ્રી કેશવસર<br>શ્રી કવીથામેમ | અર્શ સ્કૂલમાંથી વટવા સેન્ટરની<br>વિઝીટે આવેલા પેરેન્ટ્સને સેન્ટર<br>અને સંસ્થાના કાર્ય વિષે માહિતી<br>અને તેમના પ્રશ્નો માટે |
| ચંડોળા<br>મદરેસામાં | શ્રી કેશવસર, શ્રી પ્રણવસર,(જમનાદાસ પબ્લિશરમાંથી)શ્રી ધવલસર,<br>શ્રી કિરણભાઈ,શ્રી કિશોરભાઈ<br>હેલ્થ એન્ડ કેર ટીમ અને સામાજિક આગેવાનો | અવેરનેસ માટે રુબેલા અને<br>ટાઈફોડ વેક્સીનેસન માટે |
| ઋષિ સ્ટોર<br>જવાહર ચોક | શ્રી કેશવસર, શ્રી પ્રણવસર, શ્રી કિરણભાઈ,<br>ઋષિ સ્ટોર ના માલિક | મોટા બાળકોને<br>સ્વરોજગારી માટે |

## વટવા સેન્ટરમાં રાત્રિ-રોકાણ



જે બાળકો મીની પાવાગઢના રાત્રિ રોકાણ કેમ્પમાં આવી શક્યા નહોતા, તેવા બાળકો માટે વટવા સેન્ટરમાં રાત્રિ-રોકાણનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો તા. 24/01/2020ના રોજ બપોરે 2-00 વાગ્યાથી સંસ્થામાં આવી ગયા હતા. તે દિવસે બપોરે 2-00થી 4-00 દરમ્યાન શ્રી મેહુલભાઈ દ્વારા પેરેન્ટ્સ મીટીંગ લેવામાં આવી હતી. આ દરમ્યાન બાળકો અને પેરેન્ટ્સ બધા જ સંસ્થામાં હતા. મીટીંગ દરમ્યાન બાળકો શિક્ષકો સાથે જુદી-જુદી એકટીવીટી કરીને આનંદ માણી રહ્યા હતા. 4-00વાગે મીટીંગ પત્યા બાદ બાળકો અને પેરેન્ટ્સ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને 7-00વાગે બધા માટે વેજીટેબલ ખીચડી ચૂલા ઉપર બનાવવામાં આવી હતી,



જમ્યા બાદ પેરેન્ટ્સ બાળકોને મૂકીને ઘરે ગયા હતા. બધા બાળકો ઘર કરતા બીજી જગ્યાએ, પોતાના દોસ્તો અને શિક્ષકો સાથે રહેવાનો જુદો અનુભવ કરી રહ્યા હતા. રાત્રે બાળકોને "જંગલ બુક" ફિલ્મ દેખાડવામાં આવી હતી. અને મોડી રાત્રે બાળકો એન્જોય કરીને સૂઈ ગયા હતા. શિક્ષકોએ રાત્રે મોડા સુધી જાગીને જુદી-જુદી રમતો રમી હતી અને એન્જોય કર્યું હતું. સવારે 7-00 વાગે

બાળકો ઉઠ્યા અને તેમને બ્રશ કરાવીને ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકો ચા-નાસ્તાની મઝા માણીને 9-00વાગ્યા સુધી રોકાઈને પોતાના ઘરે ગયા હતા. અને આ કાર્યક્રમ સફળ રીતે પાર પડ્યો હતો.

## ઉત્સવ ઉજવણી

**ઉત્તરાયણ**

સામાજિક પર્વની ઉજવણીનો ખ્યાલ આવે તે માટે સંસ્થાના દાણીલીમડા સેન્ટર, વટવા સેન્ટર, ફિઝિયોથેરાપી સેન્ટર [કોમ્યુનિટી], અર્શ સ્કૂલ, સ્કૂલ પ્રોગ્રામ અને હોમબેઝના બાળકોના ઘરે જઈને સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. બાળકોએ રંગબેરંગી પતંગ અને ગેસ ફુગ્ગાથી ઉજવણી કરી હતી અને તલના લાડુ, ચીક્કી,બોર અને જામફળની મઝા માણી હતી.








**Republic day**

26 જાન્યુઆરી રીપબ્લીક ડેની ઉજવણીના ભાગરૂપે પ્રભાતના બાળકોને અંકુર સ્કૂલ અને એપ્રોચ સંસ્થા દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા.



**દાણીલીમડા સેન્ટર**

દાણીલીમડા સેન્ટરના બાળકોને ૭ મારૂતીવાન લેવા આવી હતી તેમાં બેસીને બાળકો અને શિક્ષકો અંકુર સ્કૂલ ગયા હતા. જ્યાં તેમનું પ્રવેશતાની સાથે જ સ્વાગત કરવામાં આવ્યું હતું અને બાળકોએ ત્યાં જઈને સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યો હતો અને વટવા તથા દાણીલીમડા ટીમના મીક્ષ ગ્રુપ દ્વારા એક કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેનું પરિણામ ખૂબ જ સરસ હતું. ત્યાં રહેલ તમામ લોકોએ પ્રભાતના બાળકો દ્વારા થયેલ રજૂઆતને તાળીઓથી વધાવી લીધી હતી.



અને અંકૂર સ્કૂલ તરફથી બાળકોને રીટર્ન ગીફ્ટ આપવામાં આવી હતી. બાળકોને ક્વીન, જક્કાસ, જબરદસ્ત જેવા ક્રાઉન પહેરાવીને નવાઝવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે બાળકો ખુશખુશાલ થઈને પરત ફર્યા હતા.

**વટવા સેન્ટર**

વટવા સેન્ટરના બાળકોને લેવા એપ્રોચ સંસ્થા તરફથી રીવરસાઇડ સ્કૂલમાંથી બસ લેવા આવી હતી, બાળકોને બહાર જવાનું હોવાથી સરસ તૈયાર થઈને આવ્યા હતા. સ્કૂલમાંથી તેમને પ્રભાતની ટી-શર્ટ પહેરાવવામાં આવી હતી અને બધા એક કલરમાં સુંદર લગતા હતા. લૉ-ગાર્ડન ખાતે રસ્તા ઉપર આ તહેવાર નિમિતે કાર્યક્રમ હતો, જ્યાં થોડા-થોડા અંતરે સ્ટેજ ઉપર પર્ફોમન્સ થતા હતા.





ટેબલ પર અને રસ્તા પર રમતોનું આયોજન કરવામાં આવેલું હતું. જેનો આનંદ બાળકો માણી રહ્યા હતા. એપ્રોચ સંસ્થાના ટીમ મેમ્બરે બાળકોને રમતમાં, ડાન્સમાં, એકટીવીટીમાં, ડ્રોઈંગમાં, જુદી-જુદી રાઈડમાં ઈન્વોલ્વ કરી

રહ્યા હતા. અને સાથે સાથે બાળકો લો-ગાર્ડન ફરવાની મઝા માણી રહ્યા હતા. સાંજે પરત આવવા બાળકો બસમાં ગોઠવાઈ ગયા હતા અને ખૂબ સરસ સંસ્મરણો સાથે ઘરે પરત ગયા હતા.

આમ પ્રભાતના બાળકોએ સ્વતંત્રતા દિવસની ઉજવણી અંકૂર સ્કૂલના બાળકો અને એપ્રોચ સંસ્થાના બાળકો સાથે કરી હતી.

### સંસ્થા દ્વારા બાળકોને સ્વેટર અને બ્લેન્કેટ

| Name of centre | No. of children | Details |
|---|---|---|
| દાણીલીમડા સેન્ટર | 04 | બાળકોને સ્વેટર |
| સ્કૂલ પ્રોગ્રામ | 03 | બાળકોને બ્લેન્કેટ |
| વટવા સેન્ટર | 03 | બાળકોને બ્લેન્કેટ |
| હોમબેઝ | 13 | બાળકોને બ્લેન્કેટ |
| હોમબેઝ | 03 | બાળકોને સ્વેટર |







## "પ્રભાત સ્વસ્થતા અભિયાન"





પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન વર્ષોથી બાળકોના સ્વાસ્થ્ય માટે તો કાર્ય કરે જ છે, પરંતુ આ બાળકોની સંભાળ લેનાર વાલી માટે પણ વિચારવાની શરૂઆત કરી છે. "સ્વસ્થ વાલી,સ્વસ્થ બાળક, સ્વસ્થ શિક્ષક" ની કલ્પના એ વાસ્તવિકતાની દિશામાં કાર્યની શરૂઆત કરી છે. અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન જે પોલિયો ફાઉન્ડેશનના નામથી ઓળખાય છે અને શ્રી જમનાદાસ પબ્લિશર્સના સહયોગથી વાલી માટે ફ્રીમાં બોડી ચેકઅપનો પ્રોગ્રામ બનાવીને તેનો અમલ કરવાની શરૂઆત કરી છે. આ બોડી ચેકઅપનો પ્રાઈવેટ દવાખાનાનો રેટ આશરે 2500 રૂપિયા જેટલો થાય છે. તે સેવા પ્રભાત પેરેન્ટ્સ અને શિક્ષકને ફ્રીમાં આપેલ છે જે માટે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તેમનો ખૂબ-ખૂબ આભાર માને છે. જાન્યુઆરી મહિનામાં સંસ્થાના દાણીલીમડા સેન્ટરના 25 [શિક્ષકો અને પેરેન્ટ્સ] વ્યક્તિઓનું બોડી ચેકઅપ થઈ ગયેલ છે અને આ પ્રક્રિયા આવતા મહિને પણ ચાલુ રહેશે.

## ચંડોળા મદરેસામાં રસીકરણ અવેરનેસ માટે પેરેન્ટ્સ મીટીંગ



ચંડોળા સ્લમ એરિયામાં હેલ્થ એન્ડ કેર અને શ્રી જમનાદાસ પબ્લિશર્સના સહયોગથી શ્રી કેશવસર, શ્રી પ્રણવસર, શ્રી કિરણભાઈ, ડો. હબીબભાઈ અને સામાજિક આગેવાનોએ સાથે મળીને 100 પેરેન્ટ્સ સાથે મીટીંગ કરી જેમાં રુબેલા અને ટાઈફોડની રસી માટે સમજાવવામાં આવ્યું અને ભવિષ્યમાં આવનાર બાળકની તંદુરસ્તી માટે રુબેલા રસીનું શુ મહત્વ છે? તેના ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો અને આ રસીકરણ માટે નામ નોંધાવવાનું જણાવવામાં આવ્યું. આમ સ્વાસ્થ્ય અંગે જન-જાગૃતિ થાય તે માટે સામાજિક સહયોગથી ખૂબ પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. અને આશા છે કે આ શરૂઆત ખૂબ સારું પરિણામ લાવશે.

સમુદાયમાં રુબેલા રસી અને ટાઈફોડની રસી માટે અવેરનેસ પ્રોગ્રામ યોજીને લોકોને રસી માટે જાગૃત કર્યા છે. રુબેલાને જર્મન મિસલ્સ રીતે પણ ઓળખાય છે.જો મહિલા ગર્ભવતી હોય તે સમયે રુબેલા થાય તો બાળક ખોડ-ખાંપણવાળું જન્મે એવી શક્યતા હોય છે.રુબેલા રસીનું આયુષ્ય 15 વર્ષ હોય છે. આથી 14-15 વર્ષે ફરીથી આ રસી આપવામાં આવે તો ભવિષ્યમાં આવનાર બાળક તંદુરસ્ત જન્મે તે માટેની જરૂરીયાતને સમજાવવામાં આવેલ હતું. ટાઈફોડની રસી પણ ૨ વર્ષની ઉપરની વ્યક્તિએ લેવી જોઈએ. તે પણ સમજાવવામાં આવેલ હતું.

## જવાહરચોક ચાર રસ્તા ઋષિ દુકાન પર સ્વરોજગારી માટે મીટીંગ



જવાહરચોક ચાર રસ્તા પર આવેલ ઋષિ દુકાનના માલિકના સહયોગથી દુકાન પર શ્રી કેશવસર, શ્રી પ્રણવસર અને શ્રી કીરણભાઈ દ્વારા મોટા બાળકો સ્વરોજગારી મેળવી શકે તે માટે પેરેન્ટ્સ સાથે મીટીંગ યોજવામાં આવી, જેમાં ઋષિ દુકાનના માલિકે કેવી રીતે બાળકોને સહેલી રીતે સેન્ડવીચ બનાવતા શીખવીને શરૂઆતમાં પેરેન્ટ્સના સહયોગથી બનાવીને વેંચતા શીખવવું અને સ્વરોજગારી માટે બાળકને તૈયાર કરી શકાય તે માટે ખૂબ સરસ રીતે સમજાવ્યું

## મુબારક હો!





"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
ડીયર પૌલોમીબેન [1st જાન્યુઆરી]
ડીયર દિવ્યાબેન [14th જાન્યુઆરી ]
બંનેને પ્રભાત ટીમની ખૂબ ખૂબ શુભેચ્છા.

## પ્રેઝન્ટેશન



### N.I.D સ્ટુડન્ટ

તા. 18/01/2020ના રોજ સ્ટુડન્ટ પલ્લવીબેને પ્રભાત પેરેન્ટ્સ સાથે પોતે બનાવેલ સેનેટરી નેપકીન ડિઝાઈન અને તેમાં પેરેન્ટ્સની સૂચના મુજબ કરેલા સુધારા સાથે પ્રેઝન્ટેશન કર્યું હતું.

## ટીચર વર્કશોપ



તા. 18/01/2020ના રોજ ફેક્લટી શ્રી હરીશભાઈ સીંગ દ્વારા પ્રભાત ટીમ સાથે વર્કશોપ કરવામાં આવ્યો. જેમાં પ્રભાત શિક્ષકોએ અને ઓફિસ ટીમે ભાગ લીધો હતો અને હંમેશા પ્રેઝન્ટ માઈન્ડ, સ્ફૂર્તિમાં કઈ રીતે રહેવું, અને શીખવવાનું રસપ્રદ કઈ રીતે બનાવવું તે રમત અને એકટીવીટી દ્વારા ખૂબ જ સરસ રીતે શીખવવામાં આવ્યું હતું અને શિક્ષકોને તાજગીનો અહેસાસ કરાવ્યો હતો. અને બાળકો સાથે કાર્ય કેવી રીતે કરવું જોઈએ તે અંગે ખૂબ સરસ પ્રેરણા આપી હતી.

### "ગામઠી ભોજનની મઝા"



વર્કશોપ બાદ બાજરીના રોટલા, ટોઠા, મરચાં, ડુંગળી, ગોળ અને જલેબીનું ગામઠી ભોજન સૌએ ભેગા મળીને માણ્યું હતું.
આમ આ વર્કશોપ બધા માટે યાદગાર બન્યો હતો.

## પ્રોગ્રેસ



અર્શ સ્કૂલ ફિઝિયોથેરાપીમાં બે મહિના પહેલા એડ્મીસન થયેલ બાળકે પોતાની જાતે ડગલું ભરવાની શરૂઆત કરી. તેના પેરેટન્સ, ડો. કવીથાબેન અને પ્રિય બાળક મોહમ્મદ અદનાનને ખૂબ-ખૂબ અભિનંદન.

## Prosthetics and Orthotics Unit (P&O Unit)



1. ૩ બાળકોના નવા મેઝરમેન્ટ લેવામાં આવ્યા અને તેમને કેલિપર્સ આપવામાં આવ્યા.
2. જાન્યુઆરી ૨૦૨૦માં ૨૫ બાળકોના ફોલ-અપ લેવામાં આવ્યા.
3. ૨ બાળકોના કેલીપર્સ રીપેર કરવામાં આવ્યા.

## નવા એડમીશન

**વટવા સેન્ટર**

1. પ્રી વોકેશનલ ક્લાસ — અર્પિત,રીમપી
2. પ્રાયમરી ક્લાસ — ફૈઝાન
3. E.I. — રીતિક,રેહાન
4. અર્શ સ્કૂલ ફીઝીયોથેરાપી — ઝાયરા
5. રેનબો સ્કૂલ ફીઝીયોથેરાપી — સમીક

## નેટવર્કિંગ [શ્રી કેશવસર]





- નીરમા યુનિવર્સીટીમાં ધ્વજવંદન કાર્યક્રમમાં ગયા હતા.
- રીફ્લેક્સન સ્કૂલમાં એજ્યુકેશન ડેના દિવસે શ્રી કેશવસર ચીફ ગેસ્ટ તરીખે ગયા હતા.
- નેટવર્કિંગ માટે શ્રી કેશવસર મીટીંગમાં ગયા હતા, જ્યાં સન-ચેતના, જન-વિકાસ, સેન્ટર ફોર લર્નિંગ, જેવી સંસ્થાઓ પણ જોડાઈ.


## સંસ્થા સમાચાર

- પ્રણવસર દ્વારા મીટીંગ લેવાઈ.
- કેશવસર દ્વારા મીટીંગ લેવાઈ.
- મનીષભાઈને લગ્ન નીમીતે બાળકો અને ટીમ માટે જમણવાર.
- પ્રણવસર દ્વારા હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન વેજલપુર ખાતે પેરેન્ટ્સ અને ટીમ માટે ફ્રી હેલ્થ ચેક-અપની જાહેરાત કરવામાં આવી.
- વટવા સેન્ટરમાં પાણીની ટાંકીનું રીપેરીંગ કરવામાં આવ્યું.
- વટવા સેન્ટરના 2 ક્લાસમાં C.C.T.V. કેમેરા મુકવામાં આવ્યા.
- દાણીલીમડા સેન્ટરમાં નવું કોમ્પ્યુટર અને પ્રિન્ટર આવ્યું.
- રજીસ્ટર ઓફિસમાં 3 નવા કોમ્પ્યુટર સિસ્ટમ લેવામાં આવ્યા અને ૨ કોમ્પ્યુટર સિસ્ટમ સેન્ટર મોકલવામાં આવી.
- ઓફિસમાં બાગકામ માટે ઓટોમેટિક ટપક પધ્ધતિનો ઉપયોગ કરેલ છે જેનાથી પાણીનો અને સમયનો બચાવ થઇ શકે.

## ફીઝીયોથેરાપી સેન્ટર સમુદાયમાં



પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમુદાયમાં નારોલ ગામ વિસ્તારમાં અર્શ પ્રાયમરી સ્કૂલમાં ફીઝીયોથેરાપી સેન્ટર ચાલે છે, જેમાં ડો. કવીથામેમ દ્વારા 8 બાળકોને એક્સેસાઇઝ કરાવવામાં આવે છે. આ સેન્ટરમાં આસપાસમાં રહેતા હોમબેઝના બાળકો અને અર્લી એજના બાળકો લાભ મેળવે છે. જેમને સોમવારથી શુક્રવાર દરમ્યાન સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ દરમ્યાન કસરત કરાવવામાં આવે છે. અને પેરેન્ટ્સને માર્ગદર્શન આપવામાં આવે છે.



તેવી જ રીતે શાહવાડી વિસ્તારમાં ડો. ડેનીસમેમ દ્વારા રેન્બો સ્કૂલમાં ફીઝીયોથેરાપી કરાવવામાં આવે છે. જેમાં હાલમાં ૯બાળકોને એક્સેસાઈઝ કરાવવામાં આવે છે. આ સેન્ટરમાં આસપાસના હોમબેઝના અને અરલીના બાળકો લાભ લે છે.
આમ સેન્ટર ઉપરાંત બાળકના ઘર-આંગણે પણ પ્રભાત દ્વારા ફીઝીયોથેરાપીની સેવા પૂરી પાડવામાં આવે છે.

## New partnership finalise



સંસ્થાએ રોબર્ટ અને ડેનીસ સાથે ફાઈનાન્સ કોન્ટ્રાક્ટ કર્યો છે, જેમાં ડેનીસ રેનબો સ્કૂલમાં ફીઝીયોથેરાપી સેન્ટર ચલાવે છે, જેમાં બાળકોને કસરત કરાવવામાં આવે છે. અને રોબર્ટભાઈ જુદી-જુદી સ્કૂલમાં પ્લે-થેરાપી કરાવે છે.

## નાણાં હોય તે નાથાલાલ!

તા. 24/01/2020 ના રોજ શ્રી બિંદી શેઠ દ્વારા સંસ્થાની મધર્સ માટે ઈન્કમ જનરેશનના મુદ્દામાં સંસ્થાના વટવા સેન્ટરમાં ચર્ચા કરવામાં આવી હતી. જેનાથી મધર્સ પણ ઈન્કમ લાવી શકે અને નાણાકીય રીતે સ્વતંત્ર રહી શકે.

## Internship



સંસ્થામાં મારવાડ લૉ યુનિ.ના બે સ્ટુડન્ટ 1 મહિનાની ઈન્ટર્નશીપ માટે આવ્યા હતા. અવની અને શ્રેયાએ ડીસેબિલિટી એક્ટને સિમ્પ્લિફાય કર્યો અને તેના પર એક પ્રેસન્ટેશન કર્યું. સંસ્થાના વટવા સેન્ટર પર જઈને એ પ્રેસન્ટેશન બતાવામાં આવ્યું અને પ્રભાતની ટીમનો ફીડબેક મેળવ્યો હતો.

## <u>હોમ વિઝીટ</u>





| No. | Details | Name of student |
|---|---|---|
| 1 | MPSW સ્ટુડન્ટ અને જાગૃતિબેન દ્વારા | Old સ્ટુડન્ટ અર્પિતા અને ઝીલને ત્યાં. |
| 2 | મારવાડ યુનિ. લૉ સ્ટુડન્ટ અને જાગૃતિબેન દ્વારા | હોમબેઝ સ્ટુડન્ટ આલીશા અને મુનીરને ત્યાં. |
| 3 | પૌલોમીબેન અને નિકુલભાઈ દ્વારા | દાણીલીમડા સેન્ટર સ્ટુડન્ટ્સ અદનાન અને અયાનને ત્યાં. |
| 4 | હોમબેઝ ટીમ દ્વારા | હોમબેઝ સ્ટુડન્ટ વિશાલને ત્યાં [અવસાન ત્યાં]. |
| 5 | દાણીલીમડા સેન્ટર ટીમ દ્વારા | સમીના અને અરમાનના ત્યાં [સેન્ટર સ્ટુડન્ટ]. |
| 6 | કેયૂરભાઈ દ્વારા | 3 બાળકોના ત્યાં બ્લેન્કેટ વિતરણ માટે. |
| 7 | ભાવનીષાબેન દ્વારા | 3 બાળકોના ત્યાં બ્લેન્કેટ વિતરણ માટે. |
| 8 | N.I.D સ્ટુડન્ટ અને નમ્રતાબેન દ્વારા | રાહુલ અને સત્યમને ત્યાં [હોમબેઝ સ્ટુડન્ટ]. |
| 9 | N.I.D સ્ટુડન્ટ અને જાગૃતિબેન દ્વારા | તોહીતના ત્યાં [હોમબેઝ સ્ટુડન્ટ]. |
| 10 | MPSW સ્ટુડન્ટ અને જાગૃતિબેન દ્વારા | Old સ્ટુડન્ટ કૃષિતને ત્યાં. |
| 11 | MPSW સ્ટુડન્ટ અને જાગૃતિબેન દ્વારા | Old સ્ટુડન્ટ અલ્તાફ, રેનુમા અને રુઝાદાને ત્યાં |
| 12 | મનીષાબેન, નમ્રતાબેન અને સુરેખાબેન દ્વારા | હોમબેઝના 13 બાળકોને ત્યાં [બ્લેન્કેટ વિતરણ માટે]. |
| 13 | મનીષાબેન દ્વારા | હોમબેઝના 3 બાળકોને ત્યાં [બ્લેન્કેટ વિતરણ માટે]. |
| 14 | MPSW સ્ટુડન્ટ અને જાગૃતિબેન દ્વારા | Old સ્ટુડન્ટ હિતેશને ત્યાં. |
| 15 | શ્રી કેશવસર, શ્રી હરીશભાઈ અને શ્રી કિરણભાઈ દ્વારા | સ્કૂલ પ્રોગ્રામની વંદેમાતરમ સ્કૂલ અને હોમબેઝમાં અરકમ અને અલીશાને ત્યાં. |

.





## જાણો છો આપ?

નવા **ડિસેબિલિટી એક્ટ**માં ડિસેબિલિટીના પ્રકારમાં વધારો થયેલ છે, નવા એક્ટમાં 7 થી વધીને 21 પ્રકાર વધારવામાં આવ્યા છે. 21 ડિસેબિલિટી નીચે પ્રમાણે છે:-
Blindness, Low-vision, Leprosy Cured persons, Hearing Impairment (deaf and hard of hearing), Locomotors Disability, Dwarfism, Intellectual Disability, Mental Illness, Spectrum Disorder, Cerebral Palsy, Muscular Dystrophy, Chronic Neurological conditions, Specific Learning Disabilities, Multiple Sclerosis, Speech and Language disability, Thalassemia, Haemophilia, Sickle Cell disease, Multiple Disabilities including deaf blindness, Acid Attack victim, Parkinson's disease.

**વિશાલ કહે છે .....”કભી અલવિદા ના કહેના “!**

તા. 07/01/2020

દુનિયામાંથી વિદાય લેનાર વિશાલ પ્રભાતને કહે છે કે મુજે ભૂલ ના જાના, "કભી અલવિદા ના કહેના".

હા વિશાલ, તું અમારી સાથે જ છે.












## Photo Gallery



લ્યો બોર




બ્રેઈલ લીપી



સાજીદ અંકલ ચાલો ને!



મુઁછે હો તો આદિલ જેસી!




વાંચ્યું?




હું છું એવોર્ડ વિજેતા



જુઓ,હું કેટલો બહાદુર છું?



આપણે સરસ બનાવ્યું નહીં?



ખીચડી પક ગઈ ક્યાં?



# લૂઈ બ્રેઈલ

**વ્યક્તિ વિશેષ**

તેમણે પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઈલ લિપિ વિકસાવી. તેમણે શોધેલી આ પદ્ધતિ વિશ્વભરમાં 'બ્રેઈલ' તરીકે જાણીતી છે

જન્મ : 4-1-1809
મૃત્યુ : 6-1-1852

લૂઈ બ્રેઈલનો જન્મ પેરિસથી ત્રીસેક માઈલ દૂર કુપ્રે ગામમાં એક ગરીબ ટેઈલરને ત્યાં થયો. લૂઈ બ્રેઈલ ફ્રાન્સના શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. બાળવયે પિતાની લોઢાની અણીદાર આર લઈને રમતાં-રમતાં અકસ્માતે એની આર એમની આંખમાં ભોંકાઈ અને એક આંખ ફૂટી ગઈ. ચેપને લીધી બીજી આંખ પણ જતી રહી. તેથી ચાર વર્ષની નાની વયે તેઓ સંપૂર્ણ અંધ બની ગયા, પણ તેમના ગજબનો આત્મવિશ્વાસ હતો. પેરિસની અંધ શાળામાં દાખલ થયા અને શિક્ષણ પૂરું કર્યું. એ પછી એ જ શાળામાં શિક્ષક બન્યા. 1829માં તેમણે પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઈલ લિપિ વિકસાવી. તેમણે શોધેલી આ પદ્ધતિ વિશ્વભરમાં 'બ્રેઈલ' તરીકે જાણીતી છે. આ લિપિ માત્ર છ ટપકાં પર જ રચાયેલી છે. તેઓ ઉત્તમ કોટિના સંગીતકાર પણ હતા અને પેરિસના સર્વશ્રેષ્ઠ ઓર્ગેનિસ્ટોમાં તેમની ગણના થતી હતી. આમ, લૂઈ બ્રેઈલ પ્રજ્ઞાચક્ષુઓ માટે આંખ બન્યા. 6 જાન્યુઆરી, 1852ના રોજ આ મહામાનવનું મૃત્યુ થયું.

સલામ લૂઈ બ્રેલને



કુદવાની તો મજા પડી ગઈ!



ઠંડી કી તો ઐસી કી તૈસી



યે દોસ્તી હમ નહીં છોડેંગે!



રમીશ તો ધૂળમાં જ



એક હજારો મેં મેરી બહેના હૈ



હું જાતે શોધીશ



મોબાઈલ કરતા સ્માર્ટ સ્ટ્રીટ



શાંતિથી જમજો બધાં

PRABHAT
EDUCATION FOUNDATION

AN ALTERNATIVE FOR
THOSE WITH SPECIAL NEEDS

## Registered Office

Prabhat Education Foundation
A-4, Sujal Apartment Opp. Satellite Bungalows
Ramdevnagar Ahmedabad380015
Phone: +91 - 79 - 4890-3054;
Email: prabhat@prabhateducationfoundation.org
Website: www.prabhateducationfoundation.org

